<u>**GUJARAT BILL NO. 18 OF 2026.**</u>

# GUJARAT PROHIBITION OF TRANSFER OF IMMOVABLE PROPERTY AND PROVISION FOR PROTECTION OF TENANTS FROM EVICTION FROM PREMISES IN THE DISTURBED AREAS (AMENDMENT) BILL, 2026.

***A BILL***

*further to amend the Gujarat Prohibition of Transfer of Immovable Property and Provision for Protection of Tenants from Eviction from premises in the Disturbed Areas Act, 1991.*

<u>**સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૧૮ .**</u>

## ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત (સુધારા) વિધેયક, ૨૦૨૬.

**ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ વધુ સુધારવા બાબત વિધેયક.**

આથી, ભારતના ગણરાજ્યના સિત્યોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત (સુધારા) અધિનિયમ, ૨૦૨૬ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨-મા અધિનિયમની કલમ ૨-નો સુધારો.

**૨.** ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨-માં,-

(૧) ખંડ (ખ) પછી, નીચેના ખંડો દાખલ કરવાઃ-

''(ખખ) "દેખરેખ અને સલાહકાર સમિતિ'' એટલે કલમ ૧૬કમાં જોગવાઈ કર્યા પ્રમાણે રચવામાં આવેલી સમિતિ;

"(ખખખ) "નારાજ થયેલી વ્યક્તિ" એટલે કલમ ૫-ની પેટા-કલમ (૩) હેઠળ સ્થાવર મિલકતની તબદીલીનો પક્ષકાર હોય તેવો અરજદાર અને તેમાં કલમ ૩ની પેટા-કલમ (૧) હેઠળ રાજ્ય સરકારે તે તરીકે જાહેર કરેલા નિર્દિષ્ટ વિસ્તારમાં રહેતી વ્યક્તિનો સમાવેશ થશે;";

(૨) ખંડ (ઘ) કમી કરવો.

સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨ મા અધિનિયમની કલમ ૩-નો સુધારો.

**૩.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૩-માં, પેટા-કલમ (૧)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવીઃ-

"(૧) કલમ ૧૬ક હેઠળ દેખરેખ અને સલાહકાર સમિતિએ આપેલી સલાહને ધ્યાનમાં લઈને, રાજ્ય સરકારનો એવો અભિપ્રાય હોય કે,-

(૧) હુલ્લડ અથવા ટોળાની હિંસાને કારણે, રાજ્યના કોઇ વિસ્તારમાંની જાહેર વ્યવસ્થાને નોંધપાત્ર મુદત સુધી ખલેલ પહોંચી હતી, ત્યારે; અથવા

(૨) રાજ્યનો કોઈ વિસ્તાર, આવા વિસ્તારમાં રહેતા સમુદાયો વચ્ચેની કોમી તંગદિલીને કારણે, જાહેર વ્યવસ્થામાં ખલેલ પહોંચાડવા માટે સંવેદનશીલ બની ગયો છે અથવા તેમ થવાની શક્યતા છે, જે આવા વિસ્તારમાં રહેતી વ્યક્તિઓના અનૈચ્છિક સ્થળાંતરમાં પરિણમી શકે છે, ત્યારે;

- તે રાજપત્રમાં જાહેરનામાથી,

(ક) આવા વિસ્તારને, નિર્દિષ્ટ વિસ્તાર તરીકે જાહેર કરી શકશે;

(ખ) નોંધપાત્ર મુદત (જેનો આમાં હવે પછી, "નિર્દિષ્ટ મુદત" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) નિર્દિષ્ટ કરી શકશે.

***સ્પષ્ટીકરણ.***- આ કલમમાં, "હુલ્લડ" એ શબ્દનો અર્થ, ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૯૧ની પેટા-કલમ (૧)માં જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે .".

**સન ૨૦૨૩નો ૪૫-મો.**

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫-માં, પેટા-કલમ (૩)માં, ખંડ (ખ)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

**સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨-મા અધિનિયમની કલમ ૫-નો સુધારો.**

"(ખ) કલેક્ટરે, એવી અરજી મળ્યેથી, ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯-થી જોગવાઇ કરેલી રીતે ઔપચારિક તપાસ યોજવી જોઈશે અને નારાજ થયેલી વ્યક્તિઓને સુનાવણીની તક આપ્યા પછી અને રજૂ કરવામાં આવેલા કોઈ પુરાવાને વિચારણામાં લીધા પછી નક્કી કરવું જોઈશે કે:-

**સન ૧૮૭૯ના મુંબઈનો ૫-મો.**

(૧) સ્થાવર મિલકતની તબદીલી કલમ ૨-ના ખંડ (ચ)ની બોલીઓ અનુસાર કરવા ધાર્યું છે કે કેમ;

(૨) તબદીલી કરાવવાનો અને તબદીલીથી લેવાનો ઈરાદો ધરાવતી વ્યક્તિઓની મુક્ત સંમતિ છે કે કેમ;

(૩) તબદીલી કરવા ધારેલી સ્થાવર મિલકતની તબદીલીની કિંમત વાજબી છે કે કેમ;

(૪) તબદીલી કરવા ધારેલી સ્થાવર મિલકત જે વિસ્તારમાં આવેલી હોય તે વિસ્તારમાં વસતા સમુદાયો વચ્ચે કોમી તંગદિલીને કારણે જાહેર વ્યવસ્થાનો ભંગ થવાની કોઈ સંભાવના છે કે કેમ અને તદનુસાર,-

(ક) અરજી નામંજૂર કરી શકશે; અથવા

(ખ) લેખિતમાં હુકમ કરીને, સ્થાવર મિલકતની સૂચિત તબદીલીને પૂર્વ મંજૂરી આપી શકશે.”.

સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨-મા અધિનિયમની કલમ ૫-ક-નો સુધારો.

**૫.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૫-ક-માં,-

(૧) પેટા-કલમ (૧)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવીઃ-

‘‘(૧) કલમ ૪ હેઠળ સ્થાવર મિલકતની તબદીલી રદબાતલ હોય, ત્યારે

(ક) એવી તબદીલી માટે કોઈ અવેજ મેળવ્યો હોય તેવા તબદીલ કરનારે, કલમ ૩ની પેટા-કલમ(૧) હેઠળના જાહેરનામાની તારીખથી છ મહિનાની મુદતની અંદર તબદીલીથી લેનારને અવેજ પાછો આપવો જોઈશે;

(ખ) તબદીલીથી લેનારે અથવા આવા તબદીલીથી લેનાર વતી સ્થાવર મિલકતનો કબજો ધરાવતી હોય તેવી બીજી કોઈ વ્યક્તિએ (જેનો આમાં હવે પછી, ‘એજન્ટ’ તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે), છ મહિનાની સદરહુ મુદતની અંદર, તબદીલ કરનારને મિલકત પરત સોંપવી જોઈશે.’’.

(૨) પેટા-કલમ (૫)માં, “આવી મિલકતનો કબજો લેવામાં તબદીલી કરનાર ચૂક કરે, ત્યારે આવી મિલકત, કામચલાઉપણે કલેક્ટરના કબજામાં રહેશે અને” એ શબ્દોને બદલે, “આવી મિલકતનો કબજો લેવામાં તબદીલી કરનાર ચૂક કરે, ત્યારે કલેક્ટરે, આપમેળે અથવા નારાજ થયેલી કોઇ વ્યક્તિએ કરેલી અરજીને આધારે કામચલાઉપણે આવી મિલકત પોતાના કબજામાં લેવડાવવી જોઇશે અને” એ શબ્દો મૂકવા.

સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨-મા અધિનિયમની કલમ ૯નો સુધારો.

**૬.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૯માં,-

(૧) ‘‘કલમો ૪ અને ૫ ની’’ એ શબ્દો અને આંકડાને બદલે, ‘‘કલમો ૪, ૫ અને કલમ ૧૬-ખ-ની પેટા-કલમ (૪)ની’’ એ શબ્દો, આંકડા, અક્ષર અને કૌંસ મૂકવા.

(૨) હાંસિયાની નોંધમાં, ‘‘કલમો ૪ અને ૫’’ એ શબ્દો અને આંકડાને બદલે, ‘‘કલમો ૪, ૫ અને કલમ ૧૬ખની પેટા-કલમ (૪)’’ એ શબ્દો, આંકડા, અક્ષર અને કૌંસ મૂકવા.

**૭.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૬-ક-માં,- **સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨-મા અધિનિયમની કલમ ૧૬-કનો સુધારો.**

(૧) પેટા-કલમ (૨)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવીઃ-

‘‘(૨) દેખરેખ અને સલાહકાર સમિતિ, અધ્યક્ષ અને ઠરાવવામાં આવે તેટલી સંખ્યામાં બીજા સરકારી સભ્યોની બનશે.’’;

(૨) પેટા-કલમ (૩)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવીઃ-

“(૩) દેખરેખ અને સલાહકાર સમિતિએ, હુલ્લડ અથવા ટોળાની હિંસાને કારણે રાજ્યના કોઈ વિસ્તારમાં, જાહેર વ્યવસ્થાને નોંધપાત્ર સમયગાળા માટે ખલેલ પહોંચી હતી કે કેમ અથવા જેનાથી સદરહુ વિસ્તારમાં વસતા લોકોના અનૈચ્છિક સ્થળાંતરમાં પરિણમી શકે તેવી સદરહુ વિસ્તારમાં વસતા સમુદાયો વચ્ચેની કોમી તંગદિલીને કારણે, રાજ્યના સદરહુ વિસ્તારની જાહેર વ્યવસ્થામાં ખલેલ પહોંચી છે અથવા ખલેલ પહોંચવાની શક્યતા છે કે કેમ તે સુનિશ્ચિત કરવા માટે અને રાજ્ય સરકારને વખતોવખત સલાહ આપવા માટે રાજ્યના સદરહુ વિસ્તારોમાં અભ્યાસ કરવો જોઈશે અથવા કરાવવો જોઈશે.’’.

**૮.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૬-ગ-માં, પેટા-કલમ (૨)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવીઃ- **સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨-મા અધિનિયમની કલમ ૧૬-ગ-નો સુધારો.**

“(૨) ખાસ તપાસ ટીમ નીચેના કાર્યો કરશેઃ-

(૧) કલમ ૧૬-ક-ની પેટા-કલમ (૩)ના સંબંધમાં, જરૂરી માહિતી એકત્રિત કરવામાં, દેખરેખ અને સલાહકાર સમિતિને સહાય કરશે;

(૨) કલમ ૫ હેઠળ મંજૂરી આપતાં પહેલાં અથવા અન્યથા પુછાણ માટે મોકલવામાં આવે તેવા કેસોની તપાસ કરવામાં કલેક્ટરને સહાય કરશે;

(૩) કલમ ૩ હેઠળ કોઇ વિસ્તારને નિર્દિષ્ટ વિસ્તાર તરીકે જાહેર કરતાં પહેલાં અભિપ્રાય બાંધવામાં રાજ્ય સરકારને સહાય કરશે.''.

**સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨-મા અધિનિયમમાં "અશાંત વિસ્તાર" અને "અશાંત વિસ્તારો" એ શબ્દો બદલવા**

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૭ સિવાય, "અશાંત વિસ્તાર" અથવા "અશાંત વિસ્તારો" - એ શબ્દો જ્યાં જ્યાં આવતાં હોય ત્યાં, તેને બદલે, અનુક્રમે " નિર્દિષ્ટ વિસ્તાર " અથવા "નિર્દિષ્ટ વિસ્તારો" એ શબ્દો મૂકવા.

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ આ રાજ્યના અશાંત વિસ્તારોમાં સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકે છે. રાજ્યમાં સદરહુ અધિનિયમના અમલીકરણ દરમિયાન, એવું ધ્યાન પર આવ્યું છે કે ઘણા કિસ્સામાં અધિનિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને, મિલકતો તબદીલ કરવામાં આવે છે અને અનૈતિક વ્યક્તિઓ, તેના કારણે મિલકત પર ગેરકાયદેસર કબજો મેળવે છે. સ્થાવર મિલકતની આવી ગેરકાયદેસર તબદીલી પર નિયંત્રણ મૂકવા અને કાયદેસરના માલિકના હિતનું રક્ષણ કરવા માટે, ઉપર્યુક્ત અધિનિયમમાં સુધારો કરવાનું જરૂરી જણાય છે.

"નારાજ થયેલી વ્યક્તિ" એ શબ્દો અંગે વધુ સ્પષ્ટતા હોવી જરૂરી જણાય છે અને તે હેતુ માટે, સદરહુ શબ્દોને વ્યાખ્યાયિત કરવા માટે, સદરહુ અધિનિયમમાં નવી જોગવાઈ દાખલ કરવામાં આવી છે.

રાજ્યનો કોઈ વિસ્તાર, આવા વિસ્તારમાં રહેતા સમુદાયો વચ્ચેની કોમી તંગદિલીને કારણે, જાહેર વ્યવસ્થામાં ખલેલ પહોંચાડવા માટે સંવેદનશીલ બની ગયો હોય અથવા તેમ થવાની શક્યતા હોય, તો, ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩માં વિદ્યમાન જોગવાઈના સ્થાને, કોઈ વિસ્તારને નિર્દિષ્ટ વિસ્તાર તરીકે જાહેર કરવા માટેના દાખલાને વિસ્તૃત કરીને, તે વિસ્તારમાં રહેતી વ્યક્તિઓનું અનૈચ્છિક સ્થળાંતર ન થાય તે માટે, એક નવી જોગવાઈ મૂકવાનું ધાર્યું છે.

તેવું પણ જરૂરી જણાયું છે કે નિર્દિષ્ટ વિસ્તારમાં સ્થાવર મિલકતની તબદીલીની મંજૂરી માટેની અરજી પર નિર્ણય કરતી વખતે કલેકટર-એ, તે વિસ્તારમાં રહેતા સમુદાયો વચ્ચેની કોમી તંગદિલીને કારણે, જાહેર વ્યવસ્થાનો કોઇ ભંગ થવાની કોઇ સંભાવના હોય, તો ઔપચારિક તપાસ દરમિયાન તેને વિચારણામાં લેવી જોઈશે અને તે અનુસાર આવી અરજી પર નિર્ણય કરવો જોઇશે તથા તે હેતુ માટે, કલમ ૫ ની પેટા-કલમ (૩) ના ખંડ (ખ) માં જરૂરી સુધારો સૂચિત કર્યો છે.

એવું પણ જરૂરી જણાયું છે કે તબદીલી કરનાર, આવી મિલકતનો કબજો લેવામાં ચૂક કરે, ત્યારે તબદીલી કરનારની મિલકતનું રક્ષણ કરવું પણ જરૂરી છે, કલેક્ટર-એ, આપમેળે

અથવા કોઈ નારાજ થયેલી વ્યક્તિ દ્વારા કરવામાં આવેલી અરજી પરથી કામચલાઉપણે આવી મિલકત પોતાના કબજામાં લેવી જોઇશે અને તે હેતુ માટે, કલમ ૫-ક ની પેટા-કલમ (૫) માં જરૂરી સુધારો સૂચિત કરવામાં આવ્યો છે.

એવી સંસ્થા પાસેથી નાણાકીય સહાય મેળવવાના હેતુ માટે, નાણાકીય સંસ્થાની તરફેણમાં ગીરો મૂકીને નિર્દિષ્ટ વિસ્તારોમાં આવેલી કોઇપણ સ્થાવર મિલકતની તબદીલી માટે મંજૂરી મેળવવા માટે વ્યક્તિઓને થતી કોઇપણ બિનજરૂરી હાડમારી ટાળવાનું પણ જરૂરી જણાયું છે અને તે હેતુ માટે, કલમ ૯માં જરૂરી સુધારો કરવા ધાર્યું છે.

દેખરેખ અને સલાહકાર સમિતિએ, હુલ્લડ અથવા ટોળાની હિંસાને કારણે રાજ્યના સદરહુ વિસ્તારમાં, જાહેર વ્યવસ્થાને નોંધપાત્ર સમયગાળા માટે ખલેલ પહોંચી હતી કે કેમ અથવા સદરહુ વિસ્તારમાં વસતા સમુદાયો વચ્ચેની કોમી તંગદિલીને કારણે, રાજ્યના સદરહુ વિસ્તારની જાહેર વ્યવસ્થામાં ખલેલ પહોંચી છે અથવા ખલેલ પહોંચવાની શક્યતા છે કે કેમ, તે અંગે રાજ્ય સરકારને સલાહ આપવાનું પણ જરૂરી જણાયું છે અને તે હેતુ માટે, કલમ ૧૬ક ની પેટા-કલમ (૩)ને બદલવા ધાર્યું છે.

સમય જતાં, કોઇપણ વિસ્તારને નિર્દિષ્ટ વિસ્તાર તરીકે જાહેર કરવા માટે રાજ્ય સરકાર, કલેક્ટર તેમજ દેખરેખ અને સલાહકાર સમિતિને સહાય કરવા માટે, ખાસ તપાસ ટીમ જરૂરી હોય તેવી આવશ્યક મદદ કરશે અને તે હેતુ સિદ્ધ કરવા માટે, કલમ ૧૬ગ-માં પેટા-કલમ (૨) બદલવા ધાર્યું છે.

અંતે, "અશાંત વિસ્તાર" અથવા "અશાંત વિસ્તારો" - એ શબ્દો જ્યાં જ્યાં આવતાં હોય ત્યાં, તેને બદલે, અનુક્રમે " નિર્દિષ્ટ વિસ્તાર " અથવા "નિર્દિષ્ટ વિસ્તારો" એ શબ્દો મૂકવા ધાર્યું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**સંજયસિંહ મહિડા,**

## **ધારાકીય સત્તા સોંપવાની યાદી**

આ વિધેયક, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણી માટેની જોગવાઇ કરે છેઃ-

**કલમ ૧.-** આ કલમની પેટા-કલમ (૨) થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, સદરહુ અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

**કલમ ૩.-** આ કલમથી બદલવા ધારેલી અધિનિયમની કલમ ૩ની પેટા-કલમ (૧)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, એવા વિસ્તારને નિર્દિષ્ટ વિસ્તાર તરીકે જાહેર કરવાની સત્તા મળે છે અને તેમાં જણાવેલી પરિસ્થિતિમાં નોંધપાત્ર મુદત નિર્દિષ્ટ કરવાની પણ રાજ્ય સરકારને સત્તા મળે છે

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખઃ ૧૮મી માર્ચ, ૨૦૨૬.** **સંજયસિંહ મહિડા.**

## <u>પુરવણી</u>

## ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ (સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨-મા) માંથી ઉતારા.

---

**૨.** આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો- **વ્યાખ્યા.**

(ક) થી (ગ) XXX XXX XXX

(ઘ) ભૌગોલિક વિસ્તારના સંબંધમાં તમામ વ્યાકરણીય રૂપાંતરો અને સમૂલીય શબ્દપ્રયોગો સહિત "એક સમુદાયની વ્યક્તિઓનો યોગ્ય સમૂહ" એટલે જેમાં ધોરણો, ધર્મ, મૂલ્યો અથવા ઓળખ જેવી કોઈ બાબત સામાન્ય હોય અને જે સામાન્ય રીતે નિર્દિષ્ટ (મુકરર) કરેલા ભૌગોલિક વિસ્તારમાં આવેલા સ્થળ સંબંધી ભાવનાથી જોડાયેલું હોય તેવું નાનું અથવા મોટું સામાજિક એકમ અથવા જીવંત વસ્તુઓનું જૂથ;

(ચ) થી (ઝ) XXX XXX XXX

**૩.** (૧) રાજ્ય સરકારનો એવો અભિપ્રાય હોય કે,- **અશાંત વિસ્તાર જાહેર કરવા બાબત.**

(૧) રાજ્યના કોઈ વિસ્તારમાંના, હુલ્લડ અથવા ટોળાની હિંસાની ઉગ્રતા અને તેની અવધિને તથા એવી અન્ય બાબતો ધ્યાનમાં લઈને, હુલ્લડ અથવા ટોળાની હિંસાને કારણે, તે વિસ્તારમાંની જાહેર વ્યવસ્થાને નોંધપાત્ર મુદત માટે ખલેલ પહોંચી હતી; અથવા

(૨) એક સમુદાયની વ્યક્તિઓનું ધ્રુવીકરણ થઈ રહ્યું છે અથવા થવાની શક્યતા છે જેને કારણે તે વિસ્તારમાં રહેતી જુદા જુદા સમુદાયની વ્યક્તિઓનું જનસંખ્યાવિષયક સંતુલન ખોરવાય તેમ છે અથવા એક સમુદાયની વ્યક્તિઓના સમૂહમાં અંધાધૂંધી ફેલાઈ રહી છે અથવા ફેલાવાની શક્યતા છે અને તેથી તે વિસ્તારમાંના જુદા જુદા સમુદાયોની પરસ્પર અને શાંતિપૂર્ણ સુમેળતામાં ખલેલ ઊભી થાય તેમ છે; અથવા

(૩) આ પેટા-કલમમાં જણાવેલા કારણસર, રાજ્યનો તે વિસ્તાર, જાહેર વ્યવસ્થામાં ખલેલ પહોંચવાની શક્યતાવાળો વિસ્તાર બન્યો છે,

ત્યારે, તે, રાજપત્રમાં જાહેરનામાથી,-

(ક) એવા વિસ્તારને અશાંત વિસ્તાર તરીકે જાહેર કરી શકશે;

(ખ) નોંધપાત્ર મુદત (જેનો આમાં હવે પછી, "નિર્દિષ્ટ મુદત" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) નિર્દિષ્ટ કરી શકશે.

**સ્પષ્ટીકરણ.-** આ કલમમાં, 'હુલ્લડ' એ શબ્દનો અર્થ, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૪૬-માં જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે. **સન ૧૮૬૦નો ૪૫-મો.**

(૨) XXX XXX XXX

**અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલીઓ પર પ્રતિબંધ**

**૫.** (૧) અને (૨) XXX XXX XXX

(૩) (ક) XXX XXX XXX

"(ખ) કલેક્ટરે, એવી અરજી મળ્યેથી, ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯થી ઠરાવેલી રીતે ઔપચારિક તપાસ યોજવી જોઈશે અને અરજદારને સુનાવણીની તક આપ્યા પછી અને રજૂ કરવામાં આવે તેવા કોઈ પુરાવાને વિચારણામાં લીધા પછી નક્કી કરવું જોઈશે કે- **સન ૧૮૭૯નો મુંબઈનો ૫-મો.**

(૧) સ્થાવર મિલકતની તબદીલી કલમ ૨ ના ખંડ (ચ)ની બોલીઓ હેઠળ કરવા ધાર્યું છે કે કેમ;

(૨) તબદીલી કરાવવાનો અને તબદીલીથી લેવાનો, ઈરાદો ધરાવતી વ્યક્તિઓની મુક્ત સંમતિ છે કે કેમ;

(૩) તબદીલી કરવા ધારેલી સ્થાવર મિલકતની તબદીલીની કિંમત વાજબી છે કે કેમ;

(૪) તબદીલી કરવા ધારેલી સ્થાવર મિલકત જે વિસ્તારમાં આવેલી હોય તે વિસ્તારમાં વસતી જુદા જુદા સમુદાયની વ્યક્તિઓનું જનસંખ્યાવિષયક સંતુલન ખોરવતા સમુદાયને લગતા વ્યક્તિઓના ધ્રુવીકરણની શક્યતા છે કે કેમ;

(૫) તબદીલી કરવા ધારેલી સ્થાવર મિલકત જે વિસ્તારમાં આવેલી હોય તે વિસ્તારમાં એક સમુદાયને લગતા વ્યક્તિઓના સમૂહમાં અંધાધૂંધી ફેલાવાની શક્યતા છે કે કેમ અને તદનુસાર;

(ક) અરજીનો અસ્વીકાર કરી શકશે; અથવા

(ખ) સ્થાવર મિલકતની કરવા ધારેલી તબદીલીને, લેખિતમાં પૂર્વ-મંજૂરી આપતો હુકમ કરી શકશે.

(ગ) XXX XXX XXX

રદબાતલ કર્યાના હુકમ હેઠળ લાભ મેળવ્યો હોય તેવા તબદીલીથી લેનાર અને તબદીલી કરનારની જવાબદારી.

**૫-ક. (૧) (ક)** કલમ ૪ હેઠળ સ્થાવર મિલકતની તબદીલી રદબાતલ હોય, ત્યારે આવી તબદીલી માટે જેણે કોઈ અવેજ લીધો હોય તેવા તબદીલી કરનારે -

(૧) આવી તબદીલી, ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત (સુધારા) અધિનિયમ, ૨૦૧૯ના આરંભની તારીખ પહેલાં કરી હોય, ત્યારે આવા આરંભની તારીખથી છ મહિનાની અંદર, અથવા

સન ૨૦૨૦-નો ગુજરાતનો ૧૭ મો .

(૨) આવી તબદીલી, આવા આરંભની તારીખ પછી કરી હોય, ત્યારે આવી તબદીલીની તારીખથી છ મહિનાની અંદર,

- તબદીલીથી લેનારને અવેજ પરત કરવો જોઇશે.

(ખ) જેની પાસે એવી સ્થાવર મિલકતનો કબજો હોય તેવા તબદીલીથી લેનાર અથવા આવા તબદીલીથી લેનાર વતી બીજી કોઇ વ્યક્તિએ (જેનો આ કલમમાં હવે પછી, 'એજન્ટ' તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે), છ મહિનાની સદરહુ મુદતની અંદર, તબદીલી કરનારને મિલકતનો કબજો પરત આપવો જોઇશે.

(ગ) તબદીલીથી લેનારે મિલકતમાં કોઇ સુધારો કરવો જોઇશે નહિ અને કલેકટર, હુકમથી, તબદીલીથી લેનારને મિલકતમાં કોઇ સુધારા કરતાં રોકી શકશે.

(૨) થી (૪) XXX XXX XXX

(૫) આવી મિલકતનો કબજો લેવામાં તબદીલી કરનાર ચૂક કરે, ત્યારે આવી મિલકત, કામચલાઉપણે કલેક્ટરના કબજામાં રહેશે અને ઠરાવવામાં આવે તે રીતે કલેક્ટર દ્વારા સદરહુ મિલકતનો નિકાલ ન કરવામાં આવે ત્યાં

સુધી આ અર્થે કરવામાં આવેલા નિયમોની જોગવાઈને અધીન રહીને, કલેક્ટર આવી મિલકતને સુરક્ષિત કરવા અને તેનું સંચાલન કરવા માટે, પોતે જરૂરી અથવા ઈષ્ટ જણાય તેવા પગલાં લઈ શકશે.

**કલમો ૪ અને ૫, સ્થાવર મિલકતની અમુક તબદીલીઓને લાગુ નહિ પડવા બાબત.**

**૯.** કલમો ૪ અને ૫ની જોગવાઈઓ, નાણાંકીય સંસ્થા પાસેથી નાણાંકીય સહાય મેળવવાના હેતુ માટે, અશાંત વિસ્તારમાં આવેલી કોઈપણ સ્થાવર મિલકતની, એવી સંસ્થાની તરફેણમાં, ગીરો દ્વારા કરેલી કોઇ તબદીલીને લાગુ પડશે નહિ.

સ્પષ્ટીકરણ.- આ કલમના હેતુઓ માટે “નાણાકીય સંસ્થા” એટલે-

(ક) ગુજરાત જાહેર નાણાં (લેણાં વસૂલાત) અધિનિયમ, ૧૯૭૯ની કલમ ૨ના ખંડ (ખ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું કોઇ કોર્પોરેશન,

(ખ) તે કલમના ખંડ (ગ)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની કોઇ બેન્ક.

**૧૬ક.** (૧) XXX XXX XXX

**દેખરેખ અને સલાહકાર સમિતિની રચના.**

(૨) દેખરેખ અને સલાહકાર સમિતિ, અધ્યક્ષ અને રાજ્ય સરકારને યોગ્ય લાગે તેવા અન્ય સરકારી સભ્યોની તેટલી સંખ્યાની બનશે.

(૩) દેખરેખ અને સલાહકાર સમિતિએ, સમુદાયની વ્યક્તિઓનો યોગ્ય સમૂહ જળવાયો છે કે નહિ તે સુનિશ્ચિત કરવા માટે વખતોવખત, અશાંત વિસ્તારોમાં અભ્યાસ કરવો જોઈશે અથવા કરાવવો જોઈશે.

(૪) XXX XXX XXX

**૧૬ગ.** (૧) XXX XXX XXX

**ખાસ તપાસ ટીમ.**

(૨) ખાસ તપાસ ટીમ નીચેના કાર્યો કરશેઃ-

(૧) કલમ ૩ હેઠળ કોઇ વિસ્તારને અશાંત વિસ્તાર તરીકે જાહેર કરતાં પહેલાં અભિપ્રાય બાંધવામાં રાજ્ય સરકારને સહાય કરશે;

(૨) કલમ ૫ હેઠળ મંજૂરી આપતાં પહેલાં અથવા અન્યથા સત્તામંડળ સંદર્ભ કરે એવા કેસોની તપાસ કરવામાં અધિકૃત અધિકારીને સહાય કરશે;

(૩) કલમ ૧૬કની પેટા-કલમ (૩)ના સંબંધમાં, જરૂરી માહિતી એકત્રિત કરવામાં દેખરેખ અને સલાહકાર સમિતિને સહાય કરશે.

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**[સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ  ૧૮.]**

**ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ વધુ સુધારવા બાબત વિધેયક.**

**[શ્રી   સંજયસિંહ મહિડા,**

**રાજ્યકક્ષાના મહેસૂલ મંત્રીશ્રી.]**

**(સન ૨૦૨૬ના માર્ચ મહિનાની ૧૮મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)**

**ચેતન પંડ્યા,**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**